RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk
*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
* Volume : 7 * Issue No. 288* Date: 14.08.2021 Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## વડાપ્રધાન મોદીએ 'નવી સ્ક્રેપિંગ' પોલીસી લોન્ચ કરી

# ગાડીઓની ઉંમર નહીં, ફિટનેસને આધારે સ્ક્રેપ કરાશે

- નવી કાર ખરીદવા પર ૫%ની છુટ, રજીસ્ટ્રેશન-રોડ ટેક્ષમાં પણ રાહત
- દેશના માર્ગો પરથી ૧૫ થી ૨૦ વર્ષ જુના વાહનો હટાવવામાં પોલીસી મદદરૂપ બનશે, આવા વાહનો ફીટનેસ ટેસ્ટમાં ફેલ થાય કે રજીસ્ટ્રેશન સર્ટી રીન્યુ ન કરાવાય તો ૧લી જુન ૨૦૨૪થી રજી. રદ્દ થશે, દેશમાં શરૂ થશે ૪૫૦ - ૫૦૦ વ્હીકલ ફિટનેસ સેન્ટર
- કેન્દ્રની નવી નીતિ ૧ ઓક્ટોબર ૨૦૨૧થી લાગુ થશે, 'ાવનગરના અલંગ ખાતે દેશનો પ્રથમ સ્ક્રેપ પ્લાન્ટ શરૂ થશે



ગાંધીનગર/ન્યુ દિલ્હી,તા.૧૩

કેન્દ્રની વ્હીકલ સ્ક્રેપ પૉલિસીને આજે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી પીએમ મોદીની વર્ચ્યુઅલ હાજરીમાં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી દ્વારા જાહેર કરવામાં આવી હતી. આ દરમ્યાન પીએમ મોદી અને ગડકરી બંનેએ આ પૉલિસીના ફાયદાને લઈને વિસ્તારથી વાત કરી હતી.

વીડિયો-કોન્ફરન્સિંગથી જોડાયા બાદ પીએમ મોદીએ સ્ક્રેપિંગ પોલિસીમાં મહત્ત્વની ઘોષણા કરી હતી કે જે પણ વ્યક્તિ પોતાના જૂના વાહનને સ્ક્રેપમાં આપશે તેને સ્ક્રેપ પર એક સર્ટિફિકેટ મળશે અને આ સર્ટિફિકેટ રજૂ કરવા પર નવા વાહનની ખરીદી પર રજિસ્ટ્રેશન ચાર્જ નહીં લાગે. એટલું જ નહીં, નવા વાહનની ખરીદી પર લાગુ થતા રોડ ટેક્સમાં પણ ડિસ્કાઉન્ટ મળશે. આ પ્રસંગે મુખ્યમંત્રી વિજય રૂપાણી ઉપરાંત કેન્દ્રીય પરિવહનમંત્રી નીતિન ગડકરી ગાંધીનગર ખાતે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે વર્ચ્યુઅલ જોડાયેલા વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે ૭૫મા સ્વતંત્રતા દિવસ પહેલાં આજનો આ કાર્યક્રમ આત્મનિર્ભર ભારતના મોટાં લક્ષ્યોને સાકાર કરવામાં એક મોટું કદમ છે. આ પોલિસી નવા ભારતની મોબોલિટી ને ઓટો સેક્ટરને નવી ઓળખ આપશે. દેશમાં આ પોલિસીને કારણે સકારાત્મક પરિણામ આવશે. સ્ક્રેપિંગ પોલિસી સમયની માગ છે. આ પોલિસીમાં ઉદ્યોગકારોની મોટી ભૂમિકા છે. આ પોલિસી ૧૦ હજાર કરોડથી પણ વધારે રોકાણ લાવશે. આગામી ૨૫ વર્ષ દેશ માટે મહત્ત્વનાં છે. આ પોલિસી પર્યાવરણ માટે પણ જરૂરી છે. આગામી સમયમાં આપણા વ્યાપારી જીવનમાં મોટાં પરિવર્તનો આવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રીય સ્ક્રેપ પોલિસીની ઘોષણામાં પણ ગુજરાતનાં ઘરોની વર્ષો જૂની પરંપરાનું દ્દષ્ટાંત આપતા ચૂક્યા નહોતા. તેમણે સસ્મિત ચહેરે જણાવ્યું હતું કે રિસાઈક્લિંગનો કન્સેપ્ટ વિશ્વમાં તો ભલે છેલ્લાં કેટલાંક વર્ષોમાં આવ્યો, પરંતુ ગુજરાતનાં ઘરોમાં તો દાદીમાઓ વર્ષોથી રિસાઈક્લિંગ કરે છે. અમારા ગુજરાતનાં ઘરોમાં વર્ષોથી પહેરવાનાં કપડાં જૂનાં થઈ જાય તો એને ફેંકી દેવાતાં નથી, પરંતુ દાદીમા એ કપડાંની સિલાઈ ઉકેલીને એને ટેભાં લઈને સાંધા કરીને લાંબું કાપડ બનાવે છે. આ કાપડમાંથી હાથ વડે ટાંકા લઈ-લઈને ગોદડીઓ બનાવે છે, જે શિયાળામાં ઠંડીથી રાહત આપે છે. આમ, રિસાઈક્લિંગનો કન્સેપ્ટ તો અમારા ગુજરાતમાં દાદીમાઓ વર્ષોથી ચલાવી રહ્યાં છે.

આ પોલીસી દ્વારા ઓટો મેટલ ઈન્ડસ્ટ્રીને બૂસ્ટ મળશે તેવું વડાપ્રધાન મોદીએ કહ્યું. ઉપરાંત તેમણે કહ્યું કે સ્ક્રેપિંગ ફીલ્ડમાં કામ કરવા વાળા લોકોને ઘણો ફાયદો થશે અને ઈન્ડ્સ્ટ્રીના લોકો પાસે ૨૫ વર્ષનો આત્મનિર્ભર ભારતનો રોડમેપ રહેશે. જૂની નીતિઓને બદલવી પડશે સાથેજ તેમણે કહ્યું જૂની નીતિઓને બદલીને નવી નીતિઓ પર કામ કરવું પડશે.

તેમણે ઉમેર્યું હતું કે છેલ્લાં કેટલાંક વર્ષોમાં એનર્જી ક્ષેત્રમાં મહત્ત્વનાં કામો થયાં. પર્યાવરણના જતન સાથે વિકાસ પણ જરૂરી છે. આ પોલિસીથી સામાન્ય પરિવારોને સૌથી મોટો લાભ થશે. આ પોલિસીથી આપણા સ્વાસ્થ્ય પર પ્રદૂષણને કારણે જે અસર થાય છે એ ઓછી થશે. ગુજરાતના અલંગને શિપ રિસાઈકલિંગ હબ તરીકે ઓળખવામાં આવે છે. નવી પોલિસીને કારણે આગામી ૨૫ વર્ષમાં ઘણા બદલાવ આવશે અને પ્રદૂષણમાં પણ ઘટાડો નોંધાશે. આ પોલિસીથી સામાન્ય લોકોને ઘણો લાભ મળશે અને દેશમાં રોજગારી પણ વધશે. પીએમ મોદીએ વધુમાં જણાવ્યું હતું કે આઝાદી બાદ આજે આત્મનિર્ભર ભારતની પોલિસી લોન્ચ કરવામાં આવી છે. કચરાથી કંચન સુધી પહોંચવા માટે આ પોલિસી લાગુ કરવામાં આવી છે.

મહત્વપૂર્ણ છે કે ગુજરાતમાં દર વર્ષે આ રીતની ઈન્વેસ્ટર સમિટનું આયોજન કરવામાં આવે છે, જેની શરૂઆત ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જ કરી હતી. શુક્રવારે યોજાયેલા આ કાર્યક્રમમાં કુલ સાત કંપનીઓએ સરકાર સાથે એમઓયૂ સાઈન કર્યુ છે. જેમાં ૬ ગુજરાતની અને એક આસામની કંપની સામેલ છે.

# રાજ્યમાં ૨૦૨૫ સુધીમાં ૨.૮ કરોડ વાહનો સ્ક્રેપ થશેઃ મુખ્યમંત્રી

ગાંધીનગર,તા.૧૩

વડાપ્રધાન મોદીએ નેશનલ ઓટોમોબાઈલ સ્ક્રેપેજ પોલીસી લોન્ચ કરી. આ સંમેલનમાં સૌથી પહેલા કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ નીતિન ગડકરીએ સંબોધન કર્યું હતું અને ત્યારબાદ રાજયના મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ સંબોધન કર્યું હતું.

મુખ્યપ્રધાને કહ્યું કે કેન્દ્ર અને રાજયની આ સંયુક્ત પહેલ આત્મનિર્ભર ભારત અભિયાનમાં અતિ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે તેમજ ગ્લોબલ ઓટોમોબાઈલ રીસાયકલીંગ સેક્ટરમાં ભારતની સ્થિતિને નવેસરથી પરિભાષિત કરશે.

મુખ્યમંત્રી રૂપાણીએ કહ્યું ગુજરાત ભારતના સૌથી મોટા ઓટોમોબાઈલ હબમાંથી એક છે. ગુજરાતમાં ઘણી મોટી કંપનીઓ જેમકે ટાટા, ફોર્ડ, હોન્ડા, સુઝુકી જેવી તેમજ અન્ય ઘણી મોટી મેન્યુફેક્ચરિંગ કંપનીઓ પણ છે.

મોટા ઓટોમોબાઈલ નિર્માતાઓની સાથે રાજયમાં વાહનોની સંખ્યમાં પણ મોટો વધારો થયો છે. આ માટે આ જરૂરી બની ગયું છે કે આપણે જુના વાહનોને સ્ક્રેપ કરવા માટે આગળ આવીએ અને આ માટે સુવિધાઓ પણ વિકસાવીએ.

# પંજાબના અમૃતસરમાં પોશ કોલોનીમાંથી હેન્ડ ગ્રેનેડ મળતાં ખળભળાટ

અમૃતસર,તા.૧૩

અમૃતસરના પોશ વિસ્તારમાં આવતા રણજીત એવન્યુમાં શુક્રવારે એક હેન્ડ ગ્રેનેડ પ્રાપ્ત થયો છે. હેન્ડ ગ્રેનેડ મળ્યો હોવાની વાત વાયુવેગે પ્રસરતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. ઘટના સ્થળે પોલીસ પહોંચી ગઈ હતી. બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વૉડ પણ આવી પહોંચી હતી. આ હેન્ડ ગ્રેનેડ કોઈએ ટિખળ કરવા માટે મુક્યો હતો કે આતંકવાદી ષડયંત્ર હતું તેની હજુ સુધી પુષ્ટિ થઈ શકી નથી. સ્વતંત્રતા દિવસના પર્વ અગાઉ બોમ્બ મળી આવતા પોલીસ વધુ સાવચેત બની ગઈ છે અને સુરક્ષા કડક બનાવી દીધી છે.

ઉલ્લેખનીય છે કે અમૃતસરમાં કેપ્ટન અમરિન્દર સિંહની મુલાકાત અગાઉ ૨૪ કલાક પૂર્વે ગ્રેનેડ મળી આવતા પોલીસ એલર્ટ થઈ ગઈ છે. ગ્રેનેડની માહિતી મળતા પોલીસ કમિશનર ડો. સુખચૈન સિંહ ગિલ, સીપીસી પરમિંદર સિંહ ભંડાલ અને ડીસીપી મુખવિંદર સિંહ સહિત પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો.

ગ્રેનેડમાંથી પિન કાઢી નાંખવામાં આવી હતી અને પોલીસ અધિકારીઓ બોમ્બ સ્કવૉડને બોલાવીને બોમ્બને સુરક્ષિત રીતે કબ્જે લઈ લીધો હતો. પોલીસ કમિશનરે જણાવ્યું કે બોમ્બને સુરક્ષિત સ્થળે ડિફ્યુઝ કરવામાં આવશે. ત્યારબાદ નિષ્ણાતોનો રિપોર્ટ મેળવાશે કે બોમ્બ કેટલો જૂનો છે.અમૃતસર પાકિસ્તાન સરહદ નજીક થોડા દિવસ અગાઉ ગ્રેનેડ સાથે આરડીએક્સ ટિફિન બોમ્બ મળ્યો હતો. શનિવાર અને રવિવાર રાત્રે ફેંકવામાં આવેલા બોમ્બમાં બેથી ત્રણ કિલો આરડિએક્સ હતો. પોલીસને જણાવ્યા મુજબ આ ઉપરાંત પાંચ ગ્રેનેડ અને નવ એમએમના ૧૦૦થી વધુ કારતૂસ મળ્યા હતા.

# ચીનમાં ભારે વરસાદે તારાજી સર્જી, હજારો લોકો પ્રભાવિતઃ ૨૧ના મોત

બીજિંગ,તા.૧૩

મધ્ય ચીનના હુબેઇ વિસ્તારના ઉપનગરમાં ભારે વરસાદને કારણે તબાહી મચાવતા અંદાજે ૨૧ લોકોનાં મોત થયા છે. અને ૪ લોકો લાપતા થયા છે. સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતું કે, સુક્સિયન કાઉન્ટીમાં લ્યુલીન ટાઉનશીપમાં ભારે વરસાદ પડ્યો હતો,



જેના કારણે વિસ્તારોમાં પાણી ભરાયા હતા. સમાચાર એજન્સીના અહેવાલ પ્રમાણે આ વિસ્તારમાં અંદાજે ૮,૦૦૦ લોકો વરસાદથી પ્રભાવિત થયા છે. રાહત અને બચાવ કામગીરી ચાલુ છે. શહેરના તમામ રસ્તા પૂરને કારણે પાણીમાં ડૂબી ગયા છે જેને લઇને વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે

ચીનના રાષ્ટ્રીય હવામાન કેન્દ્રએ ગુરુવારે યલો એલર્ટ જારી કરીને દેશના કેટલાક મધ્ય અને પૂર્વી ભાગોમાં વરસાદની ચેતવણી આપી હતી અને સાવચેતીના પગલાં લેવા જણાવ્યું હતું.

જિયાંગસી અને ઝેજિયાંગના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ પડવાની આગાહી કરી છે.

તેમજ વાવાઝોડા અને વીજળી પડવાની પણ સંભાવના છે. હેનાનમાં ભારે વરસાદને કારણે તારાજી સર્જાઈ હતી

રાષ્ટ્રીય વેધશાળાએ સ્થાનિક અધિકારીઓને પૂર અને ભૂસ્ખલનની શક્યતા માટે સાવધાન રહેવાની સલાહ આપી છે. અનેક વિસ્તારોમાં આઉટડોર પ્રવૃત્તિઓ બંધ કરવાની ભલામણ કરવામાં આવે છે. ગત્ત મહિને, હેનાન પ્રાંત અને તેની પ્રાંતીય રાજધાની ઝેંગઝોઉ શહેરમાં ભારે પૂરને કારણે ૩૦૦ થી વધુ લોકો મૃત્યુ થયા હતા અને ૫૦ લોકો લાપતા થયા હતા.

નોંધપાત્ર વાત એ છે કે, ૧૬ જુલાઈથી હેનાનમાં રેકોર્ડબ્રેક વરસાદ પડ્યો છે. ઝેંગઝોઉમાં, ત્રણ દિવસમાં ૬૧૭.૧ મીમી વરસાદ પડ્યો,હેનાન પ્રાંતમાં એક હજાર વર્ષમાં આ સૌથી ભારે વરસાદ હતો.ભારે વરસાદના કારણે અમુક વિસ્તારમાં વીજળી ડૂલ થઇ ગઇ છે.

# તમિલનાડુ સરકારની મોટી જાહેરાત, પેટ્રોલ પર પ્રતિ લિટર 3 રૂપિયા ટેક્સ ઘટાડ્યો

ચેન્નાઇ,તા.૧૩

તમિલનાડુ વિધાનસભાનું બજેટ સત્ર આજથી શરૂ થયું છે. રાજયના નાણામંત્રી પીટીઆર પલાનીવેલ થિયાગરાજને રાજયના ઈતિહાસમાં પોતાનું પ્રથમ ઇ-બજેટ રજૂ કર્યું. તમિલનાડુ સરકારે પેટ્રોલ પર ટેક્સ ૩ રૂપિયા પ્રતિ લીટર ઘટાડવાની મોટી જાહેરાત કરી છે. તેના કારણે રાજયને દર વર્ષે ૧૧૬૦ કરોડ રૂપિયાનું નુકસાન થશે.

આ સિવાય બજેટમાં મહિલા સરકારી કર્મચારીઓની મેટરનિટી રજા ૯ મહિનાથી વધારીને ૧૨ મહિના કરવામાં આવી છે. ૫૦૦ કરોડના ખર્ચે સેન્ટર ફોર ક્લાઈમેટ ચેન્જની સ્થાપના કરવામાં આવશે. રાજયના તમામ સ્વનિર્ભર જૂથોને ૨૦,૦૦૦ કરોડ રૂપિયા ક્રેડિટ તરીકે વહેંચવામાં આવશે. નાણામંત્રીએ જણાવ્યું હતું કે, રાજયના તમામ ૭૯,૩૯૫ નાના ગામોમાં દરેક વ્યક્તિને દરરોજ ૫૫ લિટર શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડવાના પગલાં લેવામાં આવશે. તેમજ એક લાખથી વધુ વસ્તી ધરાવતા ૨૭ શહેરોમાં ભૂગર્ભ ગટર યોજના અમલમાં મુકાશે.

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે,એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
BM MAGIC WATERPROOFING
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
કોરોના નવા કેસની સંખ્યાઃ૨૩
રાજ્યમાં કુલ કેસનો આંકડો
પહોંચ્યો : ૮૨૫૧૪૧
ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
લોકોનાં મૃત્યુઃ ૦
રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા
દર્દીઓની સંખ્યા :૨૭
ગુજરાતમાં સાજા થયેલા કુલ
દર્દીઓની સંખ્યા : ૮૧૪૮૮૫

# ઓરિસ્સામાં સાપે ડંખ મારતાં ભાઈએ સાપને હાથમાં પકડી બચકા ભરતાં સાપ મોતને ભેટ્યો

જાજપુર,તા.૧૩

ઓરિસ્સાના જાજપુર જિલ્લાથી એક અજીબ-ઓ-ગરીબ કેસ સામે આવ્યો છે. જ્યાં એક વ્યક્તિએ સાપ સાથે વેર વાળ્યું. ઓરિસ્સામાં એક વ્યક્તિએ સાપ કરડ્યો તો બદલો લીધો અને સાપનું મોત પણ થઈ ગયું. ૪૫ વર્ષના એક વ્યક્તિને સાપ કરડ્યો, જવાબમાં આ વ્યક્તિએ સાપ પર હુમલો કર્યો અને તેને બચકું ભર્યું. ચોંકાવનારી વાત એ છે કે આ વ્યક્તિ બચી ગયો અને સાપ મરી ગયો. જાજપુર જિલ્લાના દાનાગઢી વિસ્તારમાં કિશોર બદ્રા નામનો એક વ્યક્તિ બુધવારના રાત્રે ખેતરથી પાછો આવી રહ્યો હતો, ત્યારે સાપે તેને પગમાં બચકું ભર્યું.

ત્યારબાદ તરજ જ કિશોરે એ સાપને પકડી લીધો અને પછી તેને બચકું ભર્યું. કિશોરના જણાવ્યા પ્રમાણે, જ્યારે તે રાત્રે ઘરે આવી રહ્યો હતો ત્યારે પગમાં કંઈક કરડ્યું. જ્યારે તેણે ટોર્ચ ચાલું કરીને જોયું તો સાપ તેના પગ પર હતો. ત્યારબાદ તેણે સાપને હાથમાં લીધો અને તેને સતત બટકું ભર્યું. ત્યારબાદ સાપ ત્યાં જ મરી ગયો. કિશોર એ મરેલા સાપને પોતાના ઘરે લઈને આવ્યો અને પોતાની પત્નીને આખી ઘટના જણાવી.

જોતજોતામાં આ વાત આખા ગામમાં ફેલાઈ ગઈ અને દરેક જણ આ વિશે વાત કરવા લાગ્યા. લોકોએ કિશોરને તાત્કાલિક નજીકની હૉસ્પિટલ જવા કહ્યું.

## તંત્રી સ્થાનેથી...

### ભારતને ઘેરવા ચીનનો ખતરનાક વ્યૂહ: તિબેટ- ભારત સરહદે ટ્રેન શરૂ કરી.....!

ભારતને ચારે તરફથી ઘેરવાના પ્રયાસો કરી રહેલાં ચીન અને પાકિસ્તાન દ્વારા સરહદી ઉબાડીયા કરાઈ રહ્યા છે તેમા પાકિસ્તાનને ટેરર ફંડીગ માટે આંતરરાષ્ટ્રીય દબાણ છે એટલે ગ્રેલીસ્ટ માંથી બહાર નીકળવા માટે તે સીઝ ફાયરનો ઢોંગ કરી રહ્યું છે. અને ગ્રેલિસ્ટમાંથી બહાર નીકળતા જ તે પોતાનું અસલી નાપાક રૂપ બતાવશે અને ફરીવાર ભારતમાં આતંકવાદીઓ ઘુસાડવા માટેના પ્રયત્નો શરૂ કરી દેશે. જો કે આજના સમયમાં પાકિસ્તાનમાં આતંકવાદી કેમ્પો ધમધમી રહ્યા છે અને ભારત તે કારણે બાજ નજર રાખી રહ્યું છે. જો કે ભારતની કમનસીબી એ રહી કે પાક ચીન સરહદ પર નજર રાખવા, આવનાર કુદરતી આફતોના અભ્યાસ અર્થે તેમજ અન્ય જરૂરી ઉપયોગી માહિતી મેળવવા ટેકનિકલ વ્યવસ્થા સાથે સેટેલાઈટ છોડવા મોટો ખર્ચ કર્યો. સેટેલાઈટ સાથે યાન છોડ્યુ પરંતુ છેલ્લી ઘડીએ દશમી મીનીટે નિષ્ફળતા મળી છે. યાન તૂટી પડ્યુ છતાં મોટાભાગ સલામત રહ્યો છે એટલે વિજ્ઞાનીઓ જલ્દી તૈયાર કરી દેશે..... પરંતુ આપણે અન્ય સેટેલાઈટના આધારે ચાલવાનું રહ્યું છે. જ્યારે કે ચીન અને પાકિસ્તાન વચ્ચે સંબંધોમાં તિરાડ પડી છે તેનું કારણ છે તેના નવ જેટલા એન્જિનિયરોને આતંકી હુમલામાં ઉડાવી દીધા છે જેમા પાકિસ્તાન દોષિત હોવાથી ચીન અને પાકિસ્તાન વચ્ચે તિરાડ પડી છે. એટલે પાક.માટે કપરા ચઢાણ છે. જો કે ચીને તો આખું તિબેટ હડપ કરી કરી લીધું અને ૧૯૫૯ થી નબળા દેશ તિબેટ પર અંકુશ કરી લીધો છતાં દુનિયાના કોઈ દેશે તેને કશું કરી શકતા નથી. તે હકીકત છે. ત્યારે દગાખોર ચીને અમેરિકાએ અફઘાનિસ્તાન પર હુમલો કર્યો ત્યારે ચીને અમેરિકાનો વિરોધ કર્યો હતો અને હવે છોડી રહ્યુ છે ત્યારે પણ અફઘાન છોડવા માટે ચીન અમેરિકાનો વિરોધ કરી રહ્યું છે.. આને શું કહીશું.....? ચીનની શિયાળ જેવી દગાખોરી ચાલ કેવી હોય છે તે સ્પષ્ટ દેખાઈ આવે છે. હવે તાલિબાની હુમલાએ અફઘાનિસ્તાનને ધમરોળી નાખ્યું છે અને ત્યાંની સરકાર સમાધાન કરવા તૈયાર થઈ ગઈ છે. જ્યારે કે પાકિસ્તાન તાલીબાનોને સહાય કરી રહયું હતું તે જગજાહેર બાબત છે. એટલે હવે ચીનને ભય પેસી ગયો છે કે તાલિબાન ભારે પડી શકે છે.... એટલે ચીનની સ્થિતિ અબ ઊટા આયા પહાડકે નીચે જેવી થવા જઈ રહી છે......!

ચીન મિત્રતાનો દેખાવ કરીને ભારતને ઘેરવા સાથે તેના પ્રદેશો પચાવી પાડવા સરહદી ઉબાડીયા કરી રહયું છે. તે સાથે ભારત સાથે વાટાઘાટોનો દોર ચલાવી લશ્કર પણ પરત ખેંચવાનો મોટો દેખાડો કર્યો છે. પરંતુ હવે તિબેટ સરહદે ખતરનાક વ્યૂહ અપનાવ્યો છે...... તિબેટ સરહદે લાંબો હાઈવે બનાવ્યા પછી ચીને ટીબેટના હિમાલયના વિસ્તારમાં બુલેટ ટ્રેન દોડતી કરી દીધી છે. વીજળીથી દોડતી બુલેટ ટ્રેન ભારત- તિબેટની સરહદની સાવ નજીકથી પસાર થાય છે. જે ચીને ચાલેલી ભારત સામેની ચાલમાં એક ખતરનાક ચાલ છે. ચીનના રાષ્ટ્રપ્રમુખ જિનપિંગે કહ્યું હતું કે આ રેલ્વે માર્ગને કારણે સરહદી સુરક્ષાને નવો આધાર પ્રાપ્ત થયો છે. ટૂંકમાં ચીનની તિબેટ સરહદ નજીક શરૂ કરેલી બુલેટ ટ્રેન મુખ્યત્વે અરુણાચલ સરહદની સાવ નજીક સુધી સૈનિકોની હેરાફેરીનું મુખ્ય માધ્યમ બની રહેશે.

## સોનાના વાયદાના ભાવમાં રૂ.૧,૨૪૦ અને ચાંદીમાં રૂ.૫,૧૩૮નો સાપ્તાહિક ધોરણે કડાકો

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સના ટર્નઓવરમાં ૩૬.૭૯ ટકાની વદ્ધિઃ કોટનના વાયદાના ભાવમાં ગાંસડીદીઠ રૂ.૮૦૦ તૂટ્યાઃ કપાસ, સીપીઓ, રબરમાં સુધારોઃ મેન્થા તેલ ઢીલુઃ ક્રૂડ તેલમાં વૃદ્ધિઃ બુલડેક્સ ફ્યુચર્સમાં ૬૯૫ પોઈન્ટ અને મેટલડેક્સ ફ્યુચર્સમાં ૫૪૨ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૬થી ૧૨ ઓગસ્ટના સપ્તાહ દરમિયાન ૨૨,૪૬,૭૫૨ સોદાઓમાં કુલ રૂ.૧,૭૦,૮૫૪.૧૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના ઓગસ્ટ વાયદામાં ૬૯૫ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના ઓગસ્ટ વાયદામાં ૫૪૨ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર ૪,૭૪,૭૮૩ સોદાઓમાં રૂ.૩૯,૩૦૯.૩૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું, જે આગલા સપ્તાહનાં રૂ.૨૮,૭૩૫.૯૭ કરોડનાં ટર્નઓવરની સરખામણીએ ૩૬.૭૯ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. આગલા સપ્તાહની સરખામણીએ સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં ૧૪૨.૧૩ ટકાના ઉછાળા સાથે રૂ.૨,૩૬૧.૨૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જ્યારે ચાંદી અને ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં ૧૧૪.૩૩ ટકાના ઉછાળા સાથે રૂ.૧,૨૯૪.૨૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૫,૬૪૯.૧૦ કરોડનાં કામકાજ થયાં હતાં, જે આગલા સપ્તાહનાં રૂ.૨૭,૧૫૦.૦૧ કરોડનાં કામકાજની સરખામણીએ ૩૧.૩૦ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૯,૩૭,૮૨૧ સોદાઓમાં કુલ રૂ.૫૨,૭૩૪.૯૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૪૭,૫૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૭,૫૭૪ અને નીચામાં રૂ.૪૫,૬૬૨ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૨૪૦ ઘટી રૂ.૪૬,૩૬૩ના ભાવે બંધ થયો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૯૨૨ ઘટી રૂ.૩૭,૩૪૬ અને ગોલ્ડ-પેટલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૩૧ ઘટી રૂ.૪,૬૩૦ના ભાવે બંધ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૭,૫૫૦ના ભાવે ખૂલી, રૂ.૧,૨૫૩ ઘટી રૂ.૪૬,૩૩૫ના ભાવે બંધ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૬૬,૮૧૯ સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૬,૯૮૨ અને નીચામાં રૂ.૬૧,૫૩૬ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૫,૧૩૮ ઘટી રૂ.૬૧,૮૬૦ બંધ થયો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૫,૦૬૫ ઘટી રૂ.૬૨,૧૮૩ અને ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૫,૦૫૩ ઘટી રૂ.૬૨,૧૯૦ બંધ થયો હતો.

### કૉંગ્રેસના ૫ હજાર નેતાઓના ટ્વીટર એકાઉન્ટ બ્લોક

## ટ્વિટર એકાઉન્ટ લોક થયા બાદ રાહુલ ગાંધી બોલ્યાઃ મારા ફોલોઅર્સનું અપમાન થયું

### આ ફક્ત રાહુલ ગાંધી પર હુમલો નથી, આખી લોકશાહી વ્યવસ્થા પર હુમલો છેઃ કૉંગ્રેસ નેતા

ન્યુ દિલ્હી,તા.૧૩

કૉંગ્રેસનો દાવો છે કે માઈક્રો બ્લોગિંગ સાઈટ ટ્વિટરે કૉંગ્રેસ પાર્ટીના સત્તાવાર ટ્વિટર એકાઉન્ટ અને પાર્ટી નેતાઓના ૫ હજારથી વધારે એકાઉન્ટ બ્લોક કરી દેવામાં આવ્યા છે. પાર્ટી પ્રમાણે કૉંગ્રેસના મહાસચિવ રણદીપ સુરજેવાલા, કે.સી. વેણુગોપાલ, અજય માકણ, લોકસભામાં પાર્ટીના વ્હિપ મનિકમ ટાગોર એવા નામ છે જેમના એકાઉન્ટને ટ્વિટરે લોક કરી દીધા છે. આ તમામ નેતાઓ પર નિયમોનું પાલન કરવાની ગરબડનો આરોપ છે. ટ્વિટરે આ કારણે આ કાર્યવાહી કરી છે.

આ મોટા નામો ઉપરાંત પૂર્વ કેન્દ્રીય મંત્રી જીતેન્દ્ર સિંહ અને મહિલા કૉંગ્રેસ અધ્યક્ષ સુષ્મિતા દેવના ટ્વિટર એકાઉન્ટને પણ લોક કરી દેવામાં આવ્યા છે. કૉંગ્રેસ પ્રમાણે ૫ હજારથી વધારે નેતાઓના એકાઉન્ટ લોક કરવામાં આવ્યા છે. હવે આ ખાતાઓમાંથી કોઈપણ ગતિવિધિ ના થઈ શકે. કૉંગ્રેસે કહ્યું કે, પાર્ટીના એક વરિષ્ઠ સાંસદ ટ્વિટર સાથે આ મુદ્દે વાત કરી રહ્યા છે, અને કેસનો જલદી ઉકેલ લાવવાની માંગ કરી રહ્યા છે. કૉંગ્રેસે ટ્વિટરને પત્ર લખ્યો છે અને આ વિવાદને જલદી ખત્મ કરવાની અપીલ કરી છે.

ટ્વિટરની આ કાર્યવાહી પર રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર અને ટ્વિટર બંને પર પ્રહાર કર્યા છે. રાહુલે શુક્રવારના કહ્યું છે કે ટ્વિટરની કાર્યવાહી દર્શાવે છે કે તે એક તટસ્થ સોશિયલ મિડિયા પ્લેટફોર્મ નથી. તેઓ સરકારના દબાવમાં કામ કરી રહ્યા છે. રાહુલ ગાંધીએ મોદી સરકાર પર હુમલો કરતા કહ્યું કે, "અમને સંસદમાં બોલવાની પરવાનગી નથી આપવામાં આવતી અને મિડિયા પર પણ નિયંત્રણ છે. હવે અમારી પાસે એક માત્ર આ જ આશાનું કિરણ હતું, પરંતુ એવું લાગી રહ્યું છે કે આ પ્લેટફોર્મ પણ તટસ્થ નથી."

રાહુલ ગાંધીએ કહ્યું કે, આ ફક્ત રાહુલ ગાંધી પર હુમલો નથી, પરંતુ આખી લોકશાહી વ્યવસ્થા પર હુમલો છે. કૉંગ્રેસ સાંસદે કહ્યું કે, રાજકીય અસર પણ થશે, આ લોકશાહી વ્યવસ્થા પર હુમલો છે. ટ્વિટર આપણી લોકશાહી વ્યવસ્થામાં હસ્તક્ષેપ કરી રહ્યું છે. એક કંપની આપણી રાજનીતિને વ્યાખ્યાયિત કરવા માટે બિઝનેસ કરી રહી છે. તેમણે કહ્યું કે, મારા ૨ કરોડ ફોલોઅર્સ છે, મારા એકાઉન્ટને લોક કરીને તેમના વિચારની અભિવ્યક્તિના અધિકારને કચેડવામાં આવી રહ્યો છે.

## વસ્તિ ગણતરી મુદ્દે તેજસ્વી યાદવે વડાપ્રધાન મોદી પર આકરા પ્રહાર કર્યા

*લખનૌ,તા.૧૩*

બિહારમાં જ્ઞાતિ આધારિત વસતી ગણતરીના આધારે રાજકારણ ચાલી રહ્યું છે. આરજેડી સુપ્રીમો પછી જ્ઞાતિ આધારિત વસતી ગણતરી બાબતે હવે વિપક્ષના નેતા તેજસ્વી યાદવે કેન્દ્ર સરકાર પર પ્રહાર કર્યા હતા. તેમણે ત્રણ દિવસ પહેલા લોકસભામાં લાવવામાં આવેલા ઓબીસી બિલ પર પણ કટાક્ષ કર્યો હતો. તેજસ્વીએ કહ્યું કે બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે ૪ ઓગસ્ટે જ્ઞાતિ આધારિત વસતી ગણતરીના મુદ્દે પત્ર લખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા માટે સમય માંગ્યો હતો, પરંતુ આજ સુધી સમય મળ્યો નથી.

વિપક્ષના નેતા તેજસ્વી યાદવે શુક્રવારે જ્ઞાતિ આધારિત વસતી ગણતરીની માંગણી કરતી એક પત્રકાર પરિષદ યોજી. આ દરમિયાન તેમણે કહ્યું કે અમે જાણતા નથી કે પીએમ મોદી નીતિશ કુમારને મળવા માટે સમય કેમ નથી આપતા, પરંતુ તે સ્પષ્ટ છે કે આ મુદ્દે કેન્દ્ર સરકારનો ઈરાદો યોગ્ય નથી. તેમણે કહ્યું કે અમે જ્ઞાતિની વાત નથી કરી રહ્યા, પરંતુ એ જાણવું જરૂરી છે કે દેશમાં કઈ જ્ઞાતિ આધારિત વસતી કેટલી છે. દેશમાં ગરીબોની વસતી કેટલી છે?તેજસ્વીએ કહ્યું કે વડાપ્રધાન મોદી બંગાળ અને પંજાબના મુખ્યમંત્રીઓને મળી રહ્યા છે પરંતુ બિહાર જેણે તેમને ૩૯ સાંસદો આપ્યા, તે રાજ્યના મુખ્યમંત્રી ને મળતા નથી. આ બિહારના મુખ્યમંત્રીનું નહીં પરંતુ બિહારના લોકોનું અપમાન છે. નીતિશ કુમારે આ સમજવું જોઈએ. તેમણે કહ્યું કે અમે પત્ર લખીને વિનંતી કરી છે કે અમને મળવા માટેનો સમય આપવામાં આવે.

## ફી નિર્ધારણ સમિતિ હોય કે ફી રિવિઝન કમિટી ગુજરાત ફતવા અને ફારસ ની જનેતા.

### સુરત દક્ષિણ ઝોન FRC chair man અશોક દવે શંકાના દાયરામાં.

ગુજરાત સરકારે, શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાત હાઈકોર્ટની ટકોર કહો કે ફટકાર બાદ ગુજરાતના સંચાલકો, આંગળી ઉંચી કરતી વાલીમંડળી સાથે કુલડીમાં ગુજરાતના વાલીઓના માથા વધેરતી બેઠકમાં પૂર્વયોજીત નકકી કરેલ કે શાળાની શિક્ષણ ફી ના ૨૫ ટકા માફ કરવાના ફતવા બહાર પાડ્યા અને ચૂંટણી પુર્વે મોટા મોટાં હોર્ડિંગ જાહેરાત કરી ગુજરાતની ભોળી જનતાને મૂર્ખ બનાવ્યું ધીરે ધીરે પુરવાર થઈ રહ્યું છે.

૨૦૧૭ ના વરસમાં આપણા શિક્ષણમંત્રી ઠેર ઠેર પ્રવાસ કરી જાહેરાત કરી રહ્યાં હતા કે તેઓ આખા ગુજરાતનાં બાળકોનાં વાલી છે એક પણ બાળકને ફી બાબતે અન્યાય થવા નહીં દે. ૨૦૧૭ના વરસ પહેલાં ગુજરાતમાં ખાનગી શાળાઓમાં ફી મંજુર કરવાની જોગવાઈ જ નહોતી એવું આપણા શિક્ષણ મંત્રીની જાહેરાતથી જાહેર થતું હતું.

ખરેખર ૨૦૧૭ માં ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ દ્વારા ખાનગી શાળાઓમાં ફી નકકી કરવા માટે એફ આર સી એક્ટ ૨૦૧૭ લાવી એને સંવિધાનિક રૂપ આપી કાયદો બનાવ્યો હતો, એજ પૂરવાર કરતું હતું કે ગુજરાતમાં ખાનગી શાળાઓમાં અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા ખાનગી શાળાઓની ફી નક્કી કરવા અને ફી ની લુંટ ચલાવવાના કારસાઓ બેરોકટોક ચાલતાં હતાં.

૨૦૧૭ પહેલાં ખાનગી શાળાઓમાં ફી મંજુર કરવા કે કરાવવા જંગલરાજ ચાલતું હતું ?શું ગુજરાતને ૨૦૧૭માં આઝાદી મળી હતી ? શું ૨૦૧૭ પહેલાં મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ અને માધ્યમિક શિક્ષણ બોર્ડ ના કોઈ કાયદા કાનુન હતાં જ નહી.?

જરા ઊંડાણથી નિષ્પક્ષ વિચારીએ તો એફ આર સી એકટ ૨૦૧૭ લાવવું પડે એજ ગૂજરાત સરકાર માટે ઢાંકણીમાં પાણી લઈ ડૂબી મરવા સમાન કાયદો હકીકત પુરવાર થતું હતું.આજે ધીરે ધીરે એની સાબિતી અને લેખિત પુરાવા દસ્તાવેજ જાહેર થઈ રહ્યાં છે.

અહીં ગુજરાતના વાલીઓ, વાચકોએ નોંધ લેવી જોઈએ કે ફી નિર્ધારણ સમિતી ખુલ્લેઆમ ફી નકકી કરી આપતી વખતે ભ્રષ્ટાચાર કરતી હોય એવું પ્રતિપાદિત થાય છે કેમકે ગુજરાત ના પ્રાથમિક શિક્ષણ અધિનિયમ અને માધ્યમિક શિક્ષણ અધિનિયમ મુજબ તમામ શાળાઓ એક સ્વતંત્ર એકમ હોવા છતાં હ્લઈઝ દ્વારા તમામ શાળાઓની ફી એકજ સંયુક્ત હુકમ કરે છે.

હવે નોંધ લેશો કે જે શાળાઓમાં નાલાયક લાયકાત વગરના કસાઈ જેવા કથિત શિક્ષકો દ્વારા શિક્ષણ આપવામાં આવતું હોય, આ શાળાઓ, શાળા મંડળો સરકારના કાયદા કાનૂનનુ પાલન કરતાં જ નથી તેમ છતાં હ્લઈઝ દ્વારા ક્યો લાભ ચાટવા ? કોના ઈશારે ? આરોપી, કાયદો તોડનાર શાળાઓને ફી લુટવાના પરવાના આપી રહી છે ?

બીજી ખાસ નોંધ લેવી જોઈએ કે શિક્ષણના કાનુન મુજબ કોઈ પણ શાળાને ફંડ, ફાળા , ડોનેશન , અન્ય ફી વસુલ કરવાનો અધિકાર નથી.આજે સરકાર માન્ય ખાનગી શાળાઓમાં ફી નામે શિક્ષણના નામે રૂપકડાં નામે જાત જાતના ઉઘરાણાં થાય છે. આ ખાનગી શાળાઓમાં શાળાઓના વિભાગ દર્શાવ્યા વગર એકજ નામથી ફી ફાળા વસૂલ કરી કાળા નાણાનો કારસો કરવામાં આવે છે.કોઈ શાળા શાળાના મકાનમાં શાળા સમય બાદ ખાનગી ટ્યુશન કે પૂરક શિક્ષણનો ધંધો કરી શકે નહી.આજકાલ ફુલ ડે સ્કૂલ નામે ફી નામે, ભોજનના નામે , ટ્રન્સપોટેશન નામે, પરિક્ષા ફી, સ્ટેશનરી ફી, આઈકાર્ડ ફી, પ્રોવિઝનલ ફી, સ્કૂલ ડેવલપમેન્ટ ફી વસુલ કરે છે અને ફી વસુલ કરવાના પરવાના વહેચતી એફ આર સીના સરકારી લાખો રૂપિયા પગાર ભથ્થાં ઉસેટતા સભ્યો આ મંડળી વાલીઓને ફી નામે લૂંટવાના પરવાના વહેંચી રહી છે.

તાજેતરમાં અનેક અદાલતો તરફથી જાહેર કરવામાં આવ્યું છે કે જો કોઈ વિદ્યાર્થિની ફી ભરવાની બાકી રહી હોઈ તો પણ કોઈ શાળા એ બાળકનું પરિણામ કે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અટકાવી શકે નહી.જો કોઈ વિદ્યાર્થી સાથે એના ભવિષ્ય સાથે જો કોઈ કારણસર શાળા રૂકાવટ કે છેડછાડ કરે તો એ કોર્ટના હુકમના અનાદર સમાન ગણાય. હવે જાણવા મળેલ વિગત મુજબ સુરત એફ આર સી ના અધ્યક્ષ અશોક દવે દ્વારા શાળાઓને બાકી ફી વસૂલી અને વાલીઓને બાકી ફી ભરી એ એમનાં સંતાનનું પરિણામ અને શાળા છોડ્યાનું પ્રમાણપત્ર મેળવી લેવા હુકમ કરતાં હોય ત્યારે સુરત એફ આર સી ના અધ્યક્ષ અશોક દવેના કારનામાઓ શંકાસ્પદ છે એવું ચર્ચાય છે.

આ અધ્યક્ષ અશોક દવે લાંબા સમય સુધી એમની ફરજમાં ગેરહાજર રહેતાં છે વાલીઓ એમની ફરીયાદ નોંધાવી ધકકા ખાય છે અને આ અધિકારી કાયદાનું મનસ્વી અર્થઘટન કરી ખાનગી શાળાઓમાં ફી નામે લૂંટવાના કારસાઓનો બચાવ કરતાં હોય એવુ જણાય છે.અધ્યક્ષ અશોક દવે એફ આર સી સુરતના અન્ય સભ્યોની જાણ બહાર મનસ્વી વલણ વર્તન કરે છે એવું જાણવા મળેલ છે.સુરત એફ આર સી ઝોનના અધીકારક્ષેત્રમાં દક્ષિણ ગુજરાતની ખાનગી પ્રાથમિક શાળાઓની અને માધ્યમિક શાળાઓની સાચી સંખ્યાનો આક નથી. અને કેટલી શાળાઓએ આજદિન સુધી એમની શાળાઓની ફી નક્કી કરવા અરજી કરી એની સાચી નોંધ હકીકત નથી.

આ એફ આર સી સુરત સમક્ષ ખોટી. એફિડેવિટ ખોટાં સોગંદનામાં કરનારા શાળા આચાર્ય સંચાલક સામે કોઈ કાનૂની કાર્યવાહી કરવામાં આવી હોય કે નકકી કરેલ ફી કરતાં વધું ફી લૂંટનારા સામે દંડ ફટકાર્યો હોય એવું જાહેર કરવામાં આવ્યું હોય એવું જણાતું નથી.

ગુજરાત સરકાર દ્વારા ખાનગી શાળાઓમાં ફી નામે લૂંટ ચાલે છે, કોઈ કાયદાનું પાલન કરતાં નથી, સરકાર ગુજરાતની જનતાની શુભ ચિંતક છે, કોઇને છોડવામાં નહીં આવે, એવી જાહેરાત કરી કરાંવી પાછલે બારણે ખાનગી શાળાઓમાં ચાલતી લુટને કાયદેસર જાહેર કરવા એફ આર સી ના નામે જે ફારસ , તાયફા , તરકટ રચી રહ્યું છે એ શિક્ષણ અને સંવિધાનના હિતમાં નથી.એકજ મકાનમાં જુદા જુદા માધ્યમની, જુદી જુદી ભાષાની, જુદાં જુદાં બોર્ડની, જુદાં જુદાં ધોરણની તેમજ જુદાં જુદાં ટ્રસ્ટની ખાનગી અને સરકારી કે અર્ધસરકારી શાળાઓ ધમધમે છે... આ શાળાઓની માન્યતા અલગ અલગ હોય છે આ માન્યતા અને શાળા મંજૂરી નોંધણી શંકાસ્પદ છે તેમ છતાં શાળા મંડળના ટ્રસ્ટના આવક જાવક ના હિસાબો ખર્ચા તમામ શાળાઓનાં ચોપડે બતાવી વાલીઓને લુંટવામાં આવતા છે કે નહી એ તળિયાં ઝાટક તપાસનો વિષય છે પરંતુ આ કોણ કરશે ?

જે જાહેર સેવકોએ સરકારના કાયદા તોડનાર સામે પગલાં લેવાના હોય એ લોકો જ ખોટાને સાચું સાબિત કરવા મદમસ્ત હોય ત્યાં ત્યારે ન્યાયની, પ્રામાણિકતાની, કાનુન પાલનની અપેક્ષા કોની પાસે રાખવી ?

કોરોના મહામારીમાં સરકાર એ ગુજરાતની જનતાની માઈબાપ પૂરવાર થવાને બદલે નિત નવા નામે જનતાને હેરાન પરેશાન કરી રહી હોય એવું સિદ્ધ થઈ રહ્યું છે.

એફ આર સી સુરત ઝોનના પદાધિકારીઓ એમાં જિલ્લા શિક્ષણાધિકારી જાતે ચીફ કો ઓર્ડીનેટર તરીકે હોય છે એ તમામ જાણે જ છે કે જે શાળાઓમાં સરકારના કાયદા કાનુનનું પાલન થતું નથી એમની ફી નકકી કરવી એ જાણી જોઈને કરેલા ગુના બરાબર છે પરંતું લોભ ,લાલચ ,સરકારી લાભ, વેતન , ઊંચું મહેનતાણું, અને મોટા સાહેબનો દરજજો એમને સત્ય સ્વીકારતા રોકી રહી છે. જે સરવાળે કરોડો બાળકો અને વાલીઓના માથે આર્થિક જીવલેણ પ્રહાર, ઘા, ફટકો સાબિત થાય છે.

વાલીઓ રોકડ નાણાં ચૂકવી ખાનગી શાળાઓ પાસેથી એમનાં

### ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ

## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વ હેઠળ કાર્યરત ભાજપ સરકારના મંત્રીશ્રીઓ ૧૬ ઓગસ્ટ થી ૨૧ ઓગસ્ટ દરમિયાન જનતાના આશિર્વાદ લેવા જન આશિર્વાદ યાત્રા કરશે.

ભારતીય જનતા પાર્ટી પ્રદેશ મિડીયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે ભારતીય જનતા પાર્ટી દ્વારા ૧૬ઓગસ્ટથી જન આશીર્વાદ યાત્રાની શરૂઆત કરવામાં આવનાર છે જેમાં રાજય કક્ષાના કેન્દ્રીય મંત્રીશ્રીઓ ૧૬ થી ૧૮ ઓગસ્ટ અને કેન્દ્રના કેબિનેટ મંત્રીશ્રીઓ ૧૯-૨૧ ઓગસ્ટ દરમિયાન સરકારની કોરોનાની ગાઈડ લાઈનના નીયમોના પાલન સાથે જન આશીર્વાદ યાત્રા અંતર્ગત પ્રજાના આશિર્વાદ પ્રાપ્ત કરવા જશે. જન આશીર્વાદ યાત્રામાં ૪૩ મંત્રીશ્રીઓ જોડાશે. આ દરમિયાન ૨૧૨ લોકસભા અને ૧૯ હજારથી વધુ કિલો મીટરની યાત્રાની શરૂઆત કરવામાં આવશે. જન આશિર્વાદ યાત્રા સમગ્ર દેશના૧૯ રાજ્યો અને ૨૬૫ જીલ્લામાંથી પસાર થવાની છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ માને છે કે મંત્રી મંડળના દરેક મંત્રીશ્રીઓ લોકો સાથે સંકળાયેલા હોવા જોઈએ દેરક નાગરીકોને મંત્રીઓ સાથે પોતીકાપણાની ભાવનાઓનો અનુભવ થાયે તે હેતુથી જન આશિર્વાદ યાત્રા નીકાળવામાં આવશે.આ સંદર્ભે ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના મહામંત્રી અને જન આશીર્વાદ યાત્રાના પ્રદેશ ઈન્ચાર્જશ્રી પ્રદિપસિંહ વાઘેલાજીએ ગાંધીનગર પ્રદેશ કાર્યાલય"શ્રી કમલમ"ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધતા મહિતી આપી હતી.

શ્રી પ્રદિપસિંહ વાઘેલાજીએ જણાવ્યું કે તાજેતરમાં ભારત સરકારની અંદર દેશમા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં મંત્રી મંડળનું વિસ્તરણ થયું છે. સરકારમાં સારુ અને સુદ્રઢ પ્રદર્શન થઈ શકે અને દેશના વિકાસની ઝડપ વધે તેવા ચહેરાઓને સ્થાન મળ્યું છે. અલગ અલગ વિસ્તાર ,રાજયનાવિવિધ સમાજો, યુવાનો અને મહિલાઓને પણ સ્થાન મળ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું કે ૫૦ ટકા નવા ચહેરાઓને આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે સ્થાન આપી વિકાસના કામો કરવાની તક આપી છે. ૪ પૂર્વ મુખ્યમંત્રી,પાંચ નોર્થ ઈસ્ટમાંથી કેબિનેટની અંદર મિનિસ્ટર ,૧૮ જેટલા એવા મંત્રીઓ છે કે જેઓ ભૂતકાળમાં અલગ અલગ રાજયોની અંદર રાજય સરકારમા મંત્રી તરીકે સેવા બજાવતા હતા .૨૩ મંત્રીઓએ ૩ ટર્મ થી વધારે સાંસદ તરીકે સેવા આપી છે ૩૯ મંત્રીઓ ભૂતકાળમાં ધારાસભ્ય તરીકે અલગ અલગ રાજયમા સેવા આપી છે . ૪૬ જેટલા મંત્રીઓ રાજય સરકારમાં રાજય કક્ષાના મંત્રીઓ તરીકે સેવા આપી છે .૭ પૂર્વ આઈએસ અધિકારીઓ,૬ ડોકટર. અને ૫એન્જિયર અને ૩માસ્ટર ડિગ્રી ધરાવે છે અને ૧૩ એડવોકેટ અને ૬૮ મંત્રીશ્રીઓ ગ્રેજયુએટ છે તેમ જણાવ્યું હતું . આ તમામ મંત્રીશ્રીઓ આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબ સાથે ખભેથી ખભો મીલાવી વિકાસના કામ કરશે. સાથે મંત્રીમંડળમાં ૨૭ ઓબીસી મંત્રીશ્રીઓને સ્થાન મળ્યું છે. જેમાંથી ૫ ને કેબિનેટની અંદર સ્થાન મળ્યું છે. ૧૨ અનુસુચીત જાતિના મંત્રીઓ બન્યા છે જેમાંથી ૨ ને કેબિનેટ અંદર સ્થાન મળ્યું છે. ઈતિહાસમાં પ્રથમ વખત ૧૧ મહિલાઓ માંથી ૨ મહિલાઓને કેબિનેટમાં સ્થાન મળ્યું છે. ૧૪ મંત્રીઓ એવા છે કે જેમની ઉમંર ૫૦ વર્ષથી ઓછી છે .જેમાંથી ૬ યુવા નેતાઓને કેબિનેટમાં સ્થાન મળ્યું છે. કુલ મળી ૪૦ મંત્રીઓ એવા છે કે જેને મોદી સાહેબે દેશના વિકાસના કામ કરવાની તક આપી છે જેમાંથી પાંચ ગુજરાતના પણ નેતા છે જેમાં ગુજરાત ભાજપના પુર્વ મહામત્રી અને પુર્વ અધ્યક્ષ,રાજય સરકારના પુર્વ મંત્રી અને સાંસદ આદરણીય શ્રી પરષોત્તમ રૂપાલાજી, રાજયસભાના સાંસદડૉ. મનસુખ માંડવીયાજી,સાંસદશ્રી દેવુભાઈ ચૈહાણ, સુરેન્દ્રનગરના સાંસદ ડૉ. મહેન્દ્રભાઈ મુંજપુરા, સુરતના લોકપ્રિય સાંસદશ્રી દર્શનાબેન જરદોષ ને આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે મંત્રીમંડળમાં સ્થાન આપ્યું છે.

શ્રી પ્રદિપસિંહ વાઘેલાજીએ જણાવ્યું કે ૪૦ જેટલા નવા ચેહારઓને દેશના અગલ અગલ રાજયોમાંથી મંત્રીમંડળમાં સ્થાન મળ્યું છે. આ તમામ મંત્રીશ્રીઓને જનતાના આશીર્વાદ લેવા માટે પોતાના મતવિસ્તાર સિવાય અલગ અલગ વિસ્તારમાં જઈ જન આશિર્વાદ મેળવશે . ગુજરાતના પાંચેય આગેવાનો ૧૬ થી ૨૧ દરમિયાન ગુજરાતની જનતા વચ્ચે જશે જેમા શ્રીમતી દર્શનાબેન જરદોશની યાત્રા ૧૫મી ઓગસ્ટથી કરમસદ થી શરૂ થશે અને સુરત ખાતે પૂર્ણ થશે, શ્રી દેવુસિંહ ચૌહાણની યાત્રા ૧૬મી ઓગસ્ટથી પાલનપુરથી શરૂ થશે અને નડિયાદ ખાતે પૂર્ણ થશે, ડૉ. મહેન્દ્ર મુંજપરાજીની યાત્રા પણ ૧૬ ઓગસ્ટથી અમદાવાથી શરૂ થશે અને સુરેન્દ્રનગર ખાતે પૂર્ણ થશે, ડૉ.શ્રી મનસુખભાઈ માંડવીયાજીની યાત્રા ૧૯ ઓગસ્ટથી રાજકોટથી શરૂ થશે અને ભાવનગર ખાતે પૂર્ણ થશે અને શ્રી પરષોત્તમ રૂપાલાજીની યાત્રા ૧૯ ઓગસ્ટથી ઉંઝાથી શરૂ થશે અને અમરેલી ખાતે પૂર્ણ થશે તેમ જણાવ્યું હતું. જન આશિર્વાદ યાત્રાના માધ્યમથી ૨૬ જીલ્લાંમાં પ્રવાસ કરશે ૮૧ જેટલી વિધાનસભા અને ૧૮ લોકસભા વિસ્તારમા જઈ પ્રજાના આશીર્વાદ મેળવશે .કુલ ૨૨૭૭ કિમીની યાત્રામાં ૧૫૧ જેટલા સ્થળો પર વિવિધ સમાજો અને સામાજીક સંસ્થાઓ દ્વારા સન્માન કરવામાં આવશે. પ્રજા વચ્ચે જઈ ભાજપ સરકારે કોરોનામાં કરેલ કામગીરી સહિત વિકાસના કામોની માહીતી આપશે અને યાત્રાના રૂટમાં આવતા તમામ ધાર્મિક સ્થળોએ દેવી દેવતાઓ સહિત સંતો અને મંહતોના દર્શન કરી આશિર્વાદ મેળવશે.

આ પ્રેસ વાર્તામાં પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલાજીની સાથે ગુજરાત પ્રદેશના મીડિયા કન્વિનર ડૉ. યજ્ઞેશભાઈ દવે, પ્રદેશ ભાજપના સહપ્રવકતા શ્રી કિશોરભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ યજ્ઞેશ દવે

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




સાહિત્ય સરિતા (૧)

### NOG.SS.NO-0036

વિષય - કલ, આજ ઔર કલ
ભૂતકાળ, વર્તમાનકાળ, ભવિષ્યકાળ
શીર્ષક -માણી લઈએ

માણી લઈએ

ડગલે ને પગલે આશા જગાવી લઈએ,
થોડાં ભવિષ્યનાં સપના જોઈ લઈએ.
સોનેરી ભવ્ય ભૂતકાળને યાદ કરીને
સમયને બંધ મુઠ્ઠીમાં સમેટી લઈએ.
સમય રેતી જેમ સરકતો જાય છે,
અતીતને ઊંડે ઊંડે સરકાવી લઈએ.
ઉડતાં પતંગ જેવું મન ચગ્યાં કરે,
અસ્તિત્વ સતત ધબકાવી લઈએ.
ભૂત ભૂલી સપના જોવા તૈયાર થયાં,
વર્તમાનમાં રહી આજને જીવી લઈએ.
નાદ ને સાદનાં સંભારણા તો ઘણાં છે,
અરમાનોનાં પોટલાં સમેટી લઈએ,
સત્યની પળે મુક્ત મને વિહરીએ,
સત્ય-ચિત્ત-આનંદ માણી લઈએ.

અરૂણાબેન ત્રિવેદી, અમદાવાદ

---

### N.OG.S.S.No.0102.

શીર્ષક:-- ભૂતકાળ વર્તમાનકાળ ભવિષ્યકાળ.
પ્રકાર:---ગદ્ય.
વિષય:-ભૂતકાળ વર્તમાન અને ભવિષ્યકાળ.

માનવજીવન સાથે ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ આ ત્રણે જોડાયેલા હોય છે. આપણે કોઈપણ કાર્ય વર્તમાનકાળમાં કરીએ છીએ તો સારા કાર્યો થોડો સમય પછી ભૂતકાળ બની જાય છે. આપણે બોલેલા શબ્દો ,આપણા દ્વારા થયેલું કોઈપણ કાર્ય, ભૂતકાળના ગર્ભમાં ચાલ્યુ જાય છે .ત્યાર પછી આપણે વર્તમાન કાળમાં જે કંઈ કરી રહ્યા છે તેનું ફળ તો આપણે તાત્કાલિક જ મળે છે. પરંતુ કેટલાક કાર્યો અને કેટલાંક કર્મો જે આપણા ભૂતકાળ માં સંચિત થયેલા હોય છે, તેનું ફળ આપણે ભવિષ્યકાળમાં મળે છે .આપણે જો સારું કાર્ય કર્યુ હશે તો તેનું ફળ હંમેશાં સારું રહેશે .આપણે કોઈનું બૂરું કાર્ય કર્યુ હશે તો ભવિષ્યમાં પણ આપણું તે લોકો પણ પૂરું કરશે. માટે આપણે આપણા જીવનના વર્તમાનકાળમાં ખૂબ સારી રીતે જીવીએ સારા કાર્યો કરીએ કરીએ લોકોના ભલાઇના કાર્યો કરીએ, તો આપણા ભવિષ્યને માટે આ બધું જ ફાયદારૂપ પુરવાર થાય છે, અને આપણો ભવિષ્યકાળ પણ સારો જાય છે. સારા ભવિષ્ય માટે વર્તમાન કાળમાં આપણે જે કંઈ કરીએ છીએ તે આપણે ભવિષ્યકાળમાં તેનું ફળ પ્રાપ્ત થયા વિના રહેતું નથી. વર્તમાનમાં સારું ભણે તો ભવિષ્યમાં સારી નોકરી મળે .સારો વેપાર કરીએ તો ભવિષ્યકાળમાં પ્રગતિ થાય .સારા કાર્યો હંમેશા આપણી પ્રશંસાને પ્રાપ્ત કરે છે અને તે જ રીતે વર્તમાન કાળમાં જે કોઈ ઘટનાઓ બને છે તેને ભવિષ્યની દીઘર્દ્રષ્ટિ ને ધ્યાનમાં રાખીને જો આપણે આપણો વ્યવહાર રાખીએ તો ભવિષ્યમાં સુખ મળેજ રાખે છે. તે જ રીતે જીવનના દરેક ભાગમાં આપણે જો કાળજી ન રાખે તો આપણું ભવિષ્ય પણ આપણા તરફથી બેદરકાર રહેશે .ધારોકે ખાવાપીવામાં કાળજી ન રાખે તો શરીર બીમાર પડે ત્યારે ભવિષ્યમાં ઘણા બધા રોગોનો ભોગ બનવું અનિવાર્ય બની જાય છે .માટે સારા કાર્યો કરો તમે તાત્કાલિક ફળ મળશે .તમારું કાર્ય ફળ છે તે ભૂતકાળમાં ભલે ચાલ્યુ જાય ,પરંતુ તેનો લાભ તમને વર્તમાનકાળ પછી ભવિષ્યકાળમાં મળવાનો જ છે. માટે દરેકે પોતે જો સારું જીવન જીવવા માગતા હોય તો, કોઈપણ પ્રકારની બીજાને હરકત કર્યા વિના આપણે આપણા કાર્યો સારી રીતે કરીએ તો આપણું ભવિષ્ય ઉજ્જવળ છે.

? આમ ભૂતકાળ વર્તમાનકાળ અને ભવિષ્યકાળ એ ત્રણે ભેગા મળી માનવજીવન માટે સુખ સુવિધા અને બુરા કાર્યો કર્યા હોય, તો દુઃખ પેદા કરે છે. આપણું સારું જીવન જીવવા માટે હંમેશા સારા કાર્યો કરો તમારું ભવિષ્ય ઉજ્જવળ બનાવો પ્રગતિ કરતા રહો આનંદમાં રહો.

રતીલાલ વાયડા.
દ્વારકા. (જીલો. દેવભૂમિ દ્વારકા.

---

### NOG SS NO. 0001

વિષય :--- કલ આજ ઔર કલ
પ્રકાર :-- ગદ્ય ?
શીર્ષક :--- ". પુણ્યનો માર્ગ " .

? આપણે સૌ જાણીએ છીએ કે દરેકને પોતે કરેલા કર્મનું ફળ અચૂક મળે છે. પછી કેટલાક કર્મોનું ફળ તરત જ મળે છે તો કેટલાક કર્મોનું ફળ પાકે ત્યારે મળે છે. જેને સંચિત કર્મ કહેવાય છે .આપણે આપણા ભૂતકાળમાં, વર્તમાનમાં કે ભવિષ્યની ચિંતાના પણ કર્મ તો કરીએ જ છીએ .જેના ફળ સ્વરૂપે સુખ કે દુઃખનો અનુભવ પણ કરીએ છીએ.

? આપણને એમ હોય છે કે આ સંતો ખુબ જ ધ્યાન, યોગ ,તપસ્યા કરીને સારા કર્મો ની પોટલી વાળતા હોય છે. એટલે એમને તો સ્વર્ગમાં જ જગ્યા મળશે પણ એવું હોતું નથી એવા જ એક સંતની વાત કરું તો,........??.

? પૃથ્વી પરથી એકવાર એક મહાન સંત સ્વર્ગમાં પહોંચ્યા. બહાર ચિત્રગુપ્ત પોતાનો ચોપડો લઈને ઉભા હતા. તેમણે સંતને તેમનું નામ અને ગામ પૂછ્યું. સંત તો ગુસ્સે થઈ ગયા. કેમકે પૃથ્વી પર તો તેમની ચારે દિશાએ ખુબજ પ્રસિદ્ધિ હતી. એનું એમને ગુમાન પણ હતું અને એ જ ગુમાનમાં રહીને તુમાખી થી તેમણે ચિત્રગુપ્ત ને કહ્યું, ". અરે, તને મારા નામની પણ ખબર નથી ! હું તો બહુ મોટો સંત છું .".

ચિત્રગુપ્તે પૂછ્યું, ". સ્વામીજી તમે પૃથ્વીલોકમાં કયા સત્કાર્યો કર્યા છે?". ?. સંત બોલ્યા, " મેં મારી યુવાનીમાં અન્ય લોકોની જેમ જ માતા-પિતાને સાચવ્યા , પત્ની બાળકો ને સાચવીને સંસારમાં બનતા બધા જ સામાજિક કાર્યો કર્યા . પછી મેં સન્યાસ લીધો અને એ પછીનું જીવન ધ્યાન અને તપસ્યામાં જ વિતાવ્યું છે. સંસારનો ત્યાગ કર્યો છે.".

? ચિત્રગુપ્તે તરત જ કહ્યું કે , એટલે જ તે કરેલા તારા યુવાનીના કર્મો એટલે કે તારી ગઈકાલ માં રહીને કરેલા કર્મો ના ફળે જ તને પુણ્ય મળ્યું છે. સંન્યાસ લીધા પછી એટલે કે એ સમયના તારા વર્તમાનમાં તે કોઈ જ પુણ્યનું કામ નથી કર્યું, એટલે પુણ્ય માં ઉમેરો થયો જ નથી. સંત ને નવાઈ લાગી , " અરે , એવું કેવી રીતે બને ભગવાન ? મેં સંસારમાં રહીને તપ કર્યું જ નહોતું. સંસાર છોડ્યા પછી જ તપસ્યા કરી તો એનું પુણ્ય કેમ નહીં ?"??. ?. ચિત્રગુપ્તે બહુ સરસ જવાબ આપ્યો કે, " તે જે સંસારિક જવાબદારીઓ નિષ્ઠાથી નિભાવી છે એટલે જ તને તેનું પુણ્ય મળ્યું છે અને સ્વર્ગમાં જગ્યા મળી છે." સંન્યાસ લીધા પછી તારા વર્તમાનમાં તે માત્ર તપજ કર્યું, ના કોઈનું ભલું કર્યું અને તારું ભવિષ્ય સુધારવા એટલે કે એકમાત્ર સ્વર્ગની સુખ-સુવિધાની લાલચે જ તપસ્યા કરી એટલે એનું પુણ્ય નથી મળ્યું . ??.

? બસ આ વાત આપણને એટલું જરૂર સમજાવે છે કે આપણી ગઈકાલ, આજ અને આવતીકાલને હંમેશા નિજસ્વાર્થ માટે નહીં પણ પરોપકાર માટે જ જીવવી જોઈએ . કરેલા કર્મોનું ફળ મળવાનું જ છે. પછી ભલે તે કર્મ ભૂતકાળ હોય, વર્તમાન કાળ હોય, કે ભવિષ્યની ચિંતા નું હોય ! ?.

આપણી આજ સુધારીશુ તો આપોઆપ આવતીકાલ પણ સુધરશે અને ગઈકાલ પણ .....!!!!! ??

પ્રદીપ રાવલ , " સંચાલક "

---

### NOG SS No-0042

વિષય-કલ આજ ઔર કલ
પ્રકાર-ગદ્ય
શીર્ષક-ત્રણ પેઢી

કલ આજ ઔર કલ વિષય અંતર્ગત ત્રણ પેઢીની થોડી સામાન્ય વાતો મારા શબ્દોમાં.

પહેલી પેઢી એટલે આપણાં વડીલો. કરસકર પૂર્વક જીવન જીવતાં. આયોજન કરી પોતાનાં સંતાન માટે જમીન-જાયદાદ,ધન-સંપત્તિ ભેગી કરનાર પેઢી. સાદું -ભોજન અને ઉચ્ચ વિચારો એ તેમની આગવી ઓળખ કહી શકાય. ધર્મની ભાવના તેમનાં સંસ્કારોમાં વણાયેલી. ઓણખાણ એ ખાણ સમાન માની દરેક સંબંધોને માન-સન્માન આપનારી આ પેઢી એટલી જ કુટુંબપ્રેમી પણ ખરી.ખોટા મોજ-શોખ કે દંભ દેખાડામાં ન માનનારી આ પેઢી એકદમ આદર્શ પેઢી કહી શકાય.

બીજી પેઢી એટલે આપણે. સ્માર્ટફોન વાપરનારાં. હેસિયત કરતાં વધારે ખર્ચ કરનારાં, દેખાડો કરવામાં માહેર પણ હક માટે લડનાર સાહસિક પેઢી કહી શકાય. હરવું-ફરવું, મોજ-શોખમાં માનનારાં. બંને પેઢીનાં સેતુ બનનાર સાચા કુટુંબપ્રેમી બાળકો અને વડીલોને લાગણી આપી બંને જોડે તાલ મિલાવનારા. દેશી જમણને પ્રેમ કરનારાં અને પંજાબી,ચાઈનીઝ બધું ટેસથી ખાનારાં. જીન્સ,ટીશર્ટ, પંજાબી, સાડીને અપનાવનારાં.સોમનાથ દર્શન કરવા જાય અને ગોવા ફરવા પણ, સાહિત્ય પ્રેમી,મૂવી, ટી.વી. દરેક પ્રકારના મનોરંજનને માણનારાં. જરુર પડ્યે દરેક સંબંધને કામ આવનારા. ટૂંકમાં પ્રેક્ટિકલ કહી શકાય એવી પેઢી.

ત્રીજી પેઢી એટલે આપણાં બાળકો. બધું તૈયાર મેળવનાર પેઢી. સંઘર્ષનું નામોનિશાન નહીં. મહદ અંશે આળસુ,પોતાનામાં જ રચીપચી પેઢી. પોતાનાં કામથી કામ રાખનાર સંબંધો પ્રત્યે ઉદાસીનતા દાખવનાર પેઢી. થોડી સ્વચ્છંદી ઉડાવ અને સાંસ્કૃતિક વારસા પ્રત્યે બેદરકાર. ધર્મ પ્રત્યે અજ્ઞાતા, હરવું-ફરવું ,ખાવું-પીવું ને મોજ મજામાં માનનારી પેઢી. ફાટેલાં જીન્સ પહેરનારાં અને મેગી,પિત્ઝા -બર્ગર ખાનારી થોડી નિર્માલ્ય કહી શકાય તેવી આ પેઢી. મ્યુઝિક, ડાન્સ,મૂવી અને મોબાઈલ પ્રત્યે વણગણ ધરાવનાર રાત્રે જાગી દિવસે સૂઈ જનારા, આડાઅવળા ટાઇમ-ટેબલ સાથે પોતાની મરજી મુજબ જીવનારી આ પેઢીને જો યોગ્ય માર્ગદર્શન ન મળે ગુમરાહ પણ થઈ શકે.

ટૂંકમાં પેઢી બદલાતાં વાણી, વર્તન અને વિચારોમાં આમૂલ પરિવર્તન આવે છે,જેને આપણે જોઈ પણ શકીએ છીએ અને અનુભવી પણ શકીએ છીએ.

પૂજા(અલકા)કાનાણી.

### NOG.SS.No. 0098

प्रकार:- गद्य
विषय:- भूतकाल, भविष्य काल , वर्तमान काल।
शीर्षक:- लघुकथा।

मिश्रा जी मध्यम वर्गीय परिवार से थे। गृहस्थ जीवन काफी सुखमय था। दफ्तर,घर परिवार व समाज में काफी दबदबा था।उनका एक ही बेटा था। उनका सपना बेटे को डॉक्टर बनाने का था। बेटे के उज्जवल भविष्य के लिए गहन विचार विमर्श करके नौकरी से V.R.S. लिया। बेटा भी होनहार निकला। उसने डॉ. बनकर मिश्रा जी के सपने को साकार किया।

मिश्रा जी दिनभर घर में रहकर घर के छोटे बड़े कामों में हाथ बंटाने लगे थे। दिनभर घर में रहने से घर के सदस्यों की बोली में भी परिवर्तन आने लगा। वे मिश्रा जी से व्यंग्यात्मक लहजे में बात करने लगे। धीरे-धीरे स्थित ये हो गई कि हर छोटे-बड़े काम का हिसाब किताब बेटा रखने लगा। आर्थिक रूप से भी मिश्रा जी बेटे पर निर्भर होने लगे। ये बातें उन्हें मन ही मन कचोटती थी।

एक बार मिश्रा जी के फोन का बैलेंस खत्म हो गया। उन्होंने बेटे से कहा बेटा मेरे फ़ोन में बैलेंस डलवा देना बैलेंस खत्म हो गया है। बेटा क्लीनिक जाने की जल्दी में था। बेटा बड़बड़ाने लगा, पापा आप दिनभर घर में फुर्सत में बैठे रहते हो। मेरे पास समय नहीं है।और ये सब फिजूल खर्ची है। कहते हुए घर से निकल गया।

मिश्रा जी बेटे की बात से बहुत आहत हुए। रात भर सोचते रहे। मैंने भूतकाल में बेटे के उज्जवल भविष्य के लिए निर्णय लिया था । बच्चे का भविष्य बन गया है,तो मैं भी अब क्यों न आत्मनिर्भर और स्वाभिमान की जिंदगी जीऊं? सुबह तक वे कठोर निर्णय ले चुके थे। उन्होंने घर के सभी सदस्यों को बुलाया और कहा, बेटा मैं ये बंगला बेचकर छोटा-सा घर खरीद रहा हूं, और बाकी बची धनराशि बैंक में जमा करूंगा। आप अपना इंतजाम कर लो। मेरा ये फैसला अटल है। उन्होंने घर वालों की एक ना सुनी।
इस प्रकार मिश्रा जी ने कठोर निर्णय द्वारा अपने वर्तमान और भविष्य को सुरक्षित किया। अपने स्वयं के निर्णय को अंजाम देने खुशी खुशी घर से निकल पड़े।

✍
लीना शर्मा
हालोल।

**********************************

## ૭૦ થી ૮૦ વર્ષ જૂના માનવ ઓપરેશન કરી ભંગાર નેતાઓને ચલાવાય તો વાહનો રીપેર કરી ના ચલાવાય?

હું કોઈ અર્થશાસ્ત્રી નથી, પણ મારા અંગત મંતવ્ય મુજબ કદાચ એવું બન્યું હોઈ શકે કે ૧૫ વર્ષ જુના એટલે કે ૨૦૦૫ પહેલાંના તમામ વાહનો સ્ક્રેપ પોલિસી મુજબ જપ્ત કરી લેવામાં આવશે, મતલબ એકલા ગુજરાતમાં જ ૫ કરોડ વાહનો ૧૫ વર્ષ જુના છે, તો દેશભરમાં કેટલા હશે ?

હવે ૧૫ વર્ષ જુના વાહનો સ્ક્રેપ થાય તો સ્વાભાવિક છે કે નવી ખરીદી કરવી જ પડે, કારણ કે વાહન વગર તો આજના યુગમાં ચાલવું અઘરૂં છે, ફક્ત ગુજરાતમાં જ નવા ૫ કરોડ વાહનો સ્ક્રેપ થાય તો નવી ખરીદી થવાની છે તો દેશભરમાં કેટલા નવા વાહનોની ખરીદી કરવાની જરૂરિયાત ઉભી થશે ?

વિચારવા જેવું હવે છે કે આ કાયદો સરકારે જાતે બનાવ્યો કે પછી આની પાછળ વાહન બનાવતી કંપનીઓ અને સરકારે સાથે મળીને કોઈ મેગા પ્લાન તૈયાર કર્યો હશે ? અથવા તો આ કાયદો બનાવવાથી સૌથી વધુ ફાયદો તો મોટરસાયકલ, મોટરકારો, ટ્રક, ઓટો રીક્ષા વગેરે વિવિધ પ્રકારના વાહનો બનાવતી કંપનીઓને થવાનો છે, ખુબ મોટા પાયે ખરીદી થશે એટલે એટલો ફાયદો થશે કે જેની આપણે આમ જનતા કલ્પના પણ ન કરી શકીએ. એનાથી જે પૈસા કંપનીઓ કમાશે એનો આંકડો કેવડો મોટો હશે એ ગણતરી શાયદ હું ન કરી શકું, માટે પહેલાં જ મેં કહી દીધું કે હું અર્થશાસ્ત્રી નથી.

એનાથી પણ આગળ વધીએ તો બાઈક, કાર, ટ્રક, બસ, ઓટો રીક્ષા, ભાર વાહક કે માલવાહક આવા તમામ પ્રકારના વાહનો બનાવતી કંપનીઓએ પોતાની પુષ્કળ કમાણી ધ્યાનમાં રાખીને સરકાર સાથે મળીને સોદો કર્યો ન હોય એની ખાતરી શું ? બની શકે સરકારને મતલબ જે સત્તામાં છે એ પાર્ટી સહિત અવાજ નહીં ઉઠાવવા માટે વિપક્ષ સહિત તમામને આ કાયદો બનાવવા માટે ખુબ મોટા પ્રમાણમાં ફંડ આપવામાં આવ્યું નહીં હોય એની ખાતરી શું ?

માર તો જનતાને જ પડવાનો છે, જનતા લુંટાઈ જશે પણ સામે ખુબ મોટા પાયે ખરીદી થવાથી સરકારને જીએસટી સહિત એટલી બધી કમાણી થશે કે બખ્ખા બોલી જશે, કંપનીઓ અને સરકાર બન્ને ખૂબ મોટી કમાણી કરશે સાથે સાથે દરેક વાહનનો વીમો ફરજિયાત એટલે વીમા કંપનીઓને પણ ચાંદી ચાંદી થઈ જશે, આખરે મરશે તો જનતા જ.

વધુમાં જોઈએ તો મોટા ભાગના ખેડુતો પાસે તો જુના ટ્રેક્ટર છે, ખેડુતો છેલ્લા ઘણાં સમયથી ખોટમાં ચાલે છે એટલે દેવાદાર તો છે જ, પણ ખેતી કરવા માટે ટ્રેક્ટર લેશે એટલે દેવું વધશે, લોન ભરપાઈ નહીં કરે તો જમીન જશે અને અંતિમ પગલું પણ ભરી શકે. ટૂંકમાં આ કાયદામાં પ્રદુષણ ના નામે કંપનીઓ અને સરકાર પોતાના ફાયદા કરી લેશે, જનતા લુંટાઈ જશે પણ ઉંહકારો પણ નહીં કરે એ હું જાણું છું.

ખેર આ મારૂં અંગત મંતવ્ય છે, ઉપર કહ્યા મુજબ બન્યું હોઈ શકે, અને એવું પણ બની શકે કે તમે ઘરેથી વાહન લઈને નીકળ્યા હોવ અને તમારૂં વાહન પંદર વર્ષ જુનું હોય તો ઘરે પાછા તમે પગપાળા પણ આવી શકો છો.

ગમે એટલું લખીશ પણ જનતા એની મસ્તીમાં છે, લુંટાવા માટે તૈયાર છે, ઉંહકારો પણ કરશે નહીં, માટે લુંટો તમતમારે લુંટાઈ એટલું લુંટો....

## ૧૫ ઓગસ્ટ, સ્વાતંત્ર્યતા દિવસ

ભારત દેશનાં સ્વતંત્રતા દિવસ તરીકે ૧૫મી ઓગસ્ટનાં દિવસને ઉજવવામાં આવે છે. ઇ.સ. ૧૯૪૭નાં વર્ષમાં આ દિવસે અંગ્રેજોની ગુલામીમાંથી ભારત દેશ આઝાદ થયો હતો, આથી આઝાદીની લડતમાં સફળતા મળી અને સ્વતંત્રતા હાંસલ કરી તેની ખુશીમાં દર વર્ષે સ્વતંત્રતા દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસને ભારતભરમાં રાષ્ટ્રીય તહેવાર તરીકે જાહેર કરવામાં આવેલો છે. દેશનાં તમામ કાર્યાલયોમાં આ દિવસે જાહેર રજા આપવામાં આવે છે. આખા દેશમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ (રાજ્ય સરકારો, જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતો) દ્વારા ધ્વજ વંદનનાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. મુખ્ય સમારંભ નવી દિલ્હીમાં ઉજવવામાં આવે છે જેમાં ભારતનાં વડાપ્રધાન લાલ કિલ્લા પરથી તિરંગો ફરકાવે છે અને પ્રજાજોગ સંદેશ આપે છે, જેનું ટેલિવિઝન પર જીવંત પ્રસારણ કરવામાં આવે છે. આ સંદેશામાં તેઓ સરકારની પાછલા વર્ષની સિદ્ધિઓ વર્ણવે છે, મહત્ત્વનાં મુદ્દાઓ જણાવે છે અને વધુ પ્રગતિ તથા વિકાસ માટે દેશને પડકાર કરે છે. વડા પ્રધાન આઝાદીની ચળવળનાં નેતાઓને શહિદોને શ્રદ્ધાંજલિ આપે છે અને સ્વાતંત્ર્ય સેનાનિઓને યાદ કરે છે. ભારતની સાંસ્કૃતિક વિવિધતાનું પ્રદર્શન, વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રે દેશે કરેલી પ્રગતિ વિગેરેની ઝાંખી, ભારતની શસ્ત્ર તાકાતનું નિદર્શન અને દેશના સુરક્ષા દળોની પરેડ આ ઉજવણીનું અભિન્ન અંગ છે.

ભારતમાં બ્રિટીશ શાસનનાં મૂળ મજબુત થયા તેનું મુખ્ય કારણ ઈસ્ટ ઇન્ડીયા કંપની હતી. મુખ્યત્વે વ્યાપાર અર્થે ભારતમાં સ્થપાયેલી આ કંપનીએ ધીમે ધીમે સમગ્ર ભારતને પોતાના હસ્તક લઈ લીધું હતું ત્યારબાદ અસહકારની લડત, ચંપારણ સ્ત્યાગ્રહ, હિંદ છોડો આંદોલન, દાંડી કૂચ જેવા કેટકેટલા આંદોલનો કર્યા બાદ દેશને આઝાદીનો રસ ચાખવા મળ્યો અને એમાં પણ કોમી આંદોલનો અને અલગ રાષ્ટ્રની માંગને કારણે સ્વતંત્રતાનો આનંદ સંપૂર્ણ રીતે ન માણી શકાયો. આ વર્ષે જ્યારે ભારતની આઝાદીને ૭૫ વર્ષ પૂરાં થાય છે ત્યારે દેશને આઝાદી કાળથી નડતરરૂપ પ્રશ્નોનો હજુ સુધી નિરાકરણ નથી આવ્યું તે ખરેખર દુઃખની વાત કહેવાય પરંતુ સાથે જ ટેકનોલોજી અને સંરક્ષણની બાબતમાં દેશમાં ઘણી પ્રગતિ થઈ છે. વળી વર્તમાન સમયમાં પડતી કોરોનાની મુશ્કેલી સામે ભલે ઘણી બધી બાબતો સાથે પણ એક જ વર્ષની અંદર ભારત જેવા દેશમાં વેક્સીનેશન શરુ થઈ ગયું છે તેનો હરખ પણ ઓછો ન જ ગણી શકાય. ૧૫મી ઓગસ્ટને દિવસે ભારત સાથે અન્ય પાંચ દેશો બહેરીન, દક્ષિણ કોરિયા, ઉત્તર કોરિયા, લીક્ટેસ્ટીન અને કાંગો ગણરાજ્ય પણ આઝાદ થયા હતા અને આ દેશો ભારત સાથે ૧૫મી ઓગસ્ટે જ પોતાનો સ્વાતંત્ર્ય ઉજવે છે. ચાલો આ સ્વાતંત્ર્ય દિન નિમિત્તે આપણે સૌ જેઓ આપણી આઝાદી માટે શહીદ થયા છે અને હજુ પણ દેશની આઝાદી અકબંધ રહે તે માટે શહીદ થઈ રહ્યા છે તેમનાં બલિદાનને બિરદાવવા માટે તેમની વંદના કરીએ અને સત્ય, અહિંસા, પ્રમાણિકતાનાં ગાંધીજીનાં સિદ્ધાંતો પર ચાલીને દેશને ઉન્નત બનાવીએ, વખત આવ્યે સમગ્ર વિશ્વની મદદે આવીએ અને ભારતને ફરીથી વિશ્વ ગુરુ બનાવીએ.

- મિત્તલ ખેતાણી

અત્યાર સુધી કુલ ૪.૩૦ લાખ લોકો મોતને ભેટ્યા, એક્ટિવ કેસ ૧.૨૦ ટકા

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪૦,૧૨૦ પોઝિટિવ કેસ નોંધાયા

ન્યુ દિલ્હી,તા.૧૩

ભારતમાં કોરોનાના ૪૦ હજારથી વધુ કેસ છેલ્લા ૨૪ કલાકમાં સામે આવ્યા છે. આરોગ્ય મંત્રાલય તરફથી જાહેર કરવામાં આવેલ લેટેસ્ટ આંકડાઓ મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૪૦૧૨૦ નવા કેસ સામે આવ્યા છે જ્યારે ૪૨૨૯૫ લોકો રિકવર થઈને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થઈ ચૂક્યા છે. વળી, છેલ્લા ૨૪ કલાકમાં ૫૮૫ લોકોના કોરોનાથી જીવ જતા રહ્યા છે. આ સાથે જ દેશમાં હવે કોરોનાના કુલ સક્રિય કેસ ૩૮૫૨૨૭ છે જ્યારે અત્યાર સુધી ભારતમાં કોરોનાથી ૪,૩૦,૨૫૪ લોકોના મોત થઈ ચૂક્યા છે. અત્યાર સુધી દેશમાં કોરોના સંક્રમણના કુલ ૩,૨૧,૧૭,૮૨૬ કેસ સામે આવી ચૂક્યા છે જેમાંથી ૩,૧૩,૦૨,૩૪૫ લોકો રિકવર થઈ ચૂક્યા છે.દેશમાં કોરોના રસીકરણની વાત કરીએ તો અત્યાર સુધી દેશમાં કુલ ૫૨.૯૫ કરોડ કોરોના વેક્સીનનો ડોઝ આપવામાં આવી ચૂક્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૭,૩૧,૫૭૪ કોરોના વેક્સીનનો ડોઝ આપવામાં આવી ચૂક્યો છે. દેશમાં કુલ સક્રિય કેસ અત્યાર સુધી આવેલા સંક્રમણના માત્ર ૧.૨૦ ટકા છે કે જે માર્ચ ૨૦૨૦થી અત્યાર સુધી સૌથી ઓછા છે. વળી, રિકવરી રેટની વાત કરીએ તો તે ૯૭.૪૬ ટકા છે. દેશમાં કોરોના ટેસ્ટીંગને પણ સતત ઝડપી બનાવાઈ રહ્યુ છે અને અત્યાર સુધી ૪૮.૯૪ કરોડ કોરોના સેમ્પલ ટેસ્ટ કરવામાં આવી ચૂક્યા છે.ઉલ્લેખનીય છે કે મુંબઈમાં કોવિડ-૧૯ના ડેલ્ટા વેરિઅંટ પ્લસ વેરિઅંટથી પહેલુ મોત થયુ છે. મૃતક ૬૩ વર્ષીય મહિલા છે જેમણે વેક્સીનના બંને ડોઝ લીધા હતા. ૨૧ જુલાઈએ તે કોવિડ પૉઝિટિવ મળી આવ્યા હતા અને ૨૭ જુલાઈએ તેમનુ નિધન થઈ ગયુ.

## ઇંગ્લેન્ડના પ્લાયમાઉથ શહેરમાં અંધાધૂંધ ગોળીબાર: છના મોત

પ્લાયમાઉથ,તા.૧૩

દક્ષિણ પશ્ચિમ ઈંગ્લેન્ડનાં પ્લાયમાઉથ શહેરમાં અંધાધૂંધ ગોળીબારી થઇ હોવાના સમાચાર સામે આવી રહ્યા છે. રોઇટર્સ અનુસાર, સશસ્ત્ર વ્યક્તિએ પ્લાયમાઉથ શહેરમાં અંધાધૂંધ ગોળીબાર શરૂ કર્યો હતો. આ ફાયરિંગમાં છ લોકોનાં મોત થયા છે. પોલીસે હવે કમાન સંભાળી લીધી છે. જો કે હવે સ્થિતિ નિયંત્રણમાં છે.

મીડિયા રિપોર્ટ અનુસાર, હુમલામાં બે મહિલા, ત્રણ પુરુષ અને એક શંકાસ્પદ વ્યક્તિનું મોત થયું છે. ગોળીબારમાં ઘાયલ થયેલી એક મહિલાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં તેનું મોત નીપજ્યું હતું. ઈંગ્લેન્ડનાં સ્થાનિક સાંસદ જોની મર્સે લોકોને શાંત રહેવાની વિનંતી કરી છે. તેમણે ટ્વિટર પર જણાવ્યું હતું કે, આ ઘટનાનો આતંક સાથે કોઈ સંબંધ નથી, અને પ્લાયમાઉથનો શંકાસ્પદ પણ ભાગી છુટ્યો નથી. ગૃહમંત્રી પ્રીતિ પટેલે આ ઘટનાને આઘાતજનક ગણાવી હતી અને કહ્યું હતું કે તેમને અસરગ્રસ્ત લોકો પ્રત્યે સહાનુભૂતિ છે. ઘટનામાં શું થયું તે અંગે તેમણે વધુ વિગતો આપી નથી. તેમણે ગોળીબારની ઘટના અંગે ટ્વિટ કર્યું હતું કે મેં ચીફ કોન્સ્ટેબલ સાથે વાત કરી છે અને મારો સંપૂર્ણ સહકાર આપ્યો છે. તેણીએ ટ્વિટ કર્યું, "હું દરેકને શાંત રહેવા વિનંતી કરું છું, પોલીસની સલાહને અનુસરો અને અમારી ઈમરજન્સી સેવાઓને તેમનું કામ કરવા દો." બીજી તરફ પોલીસ દળનાં જણાવ્યા અનુસાર આ વિસ્તારને કોર્ડન કરી દેવામાં આવ્યો છે. પરંતુ કોઈ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ નથી.

કારણ કે બંદૂકધારી પહેલા જ મોત થઇ ગયુ છે. પ્લાયમાઉથ મૂર વ્યૂનાં સાંસદ જોની મર્સરએ અગાઉ કહ્યું હતું કે આ ઘટના આતંક સંબંધિત નથી.

સાઉથ વેસ્ટર્ન એમ્બ્યુલન્સ સર્વિસે અગાઉ કહ્યું હતું કે, તેણે એક મહત્વપૂર્ણ સંખ્યામાં સંસાધનોની સાથે એક ઘટનાનો જવાબ આપ્યો હતો, જેમા ખતરનાક વિસ્તાર પ્રતિક્રિયા દળ, અનેક એમ્બ્યુલન્સ, એર એમ્બ્યુલન્સ, કેટલાક ડોકટરો અને વરિષ્ઠ પેરામેડિક્સ સામેલ હતા.

